સાબરકાંઠા, અરવલ્લીમાં ભરચોમાસે અગનગોળા વરસ્યા, તાપમાનનો પારો ૩૪ ડિગ્રી

ભારે વરસાદની આગાહી ખોખલી સાબિત, આજે કેટલાક વિસ્તારોમાં વરસાદની વકી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ભરચોમાસે અગનગોળા વરસ્યા હોય તેમ બુધવારે તાપમાનનો પારો મોટાભાગના વિસ્તારોમાં ૩૪ ડિગ્રીને આંબી જતાં અસહ્ય બફારા અને ગરમીથી પ્રજા ત્રાસી ઉઠી હતી. ખેતી કામ કરતા ખેતમજૂરો પણ ગરમી અતિભારે વરસાદની આગાહી સાથે તંત્રને એલર્ટ રહેવા જણાવાયું પરંતુ આકાશમાં કાળાં ડીબાંગ વાદળો જમાવટ કરે છે અને વરસ્યા વગર પસાર થઈ જાય છે જેથી જગતનો તાત નિરાશ થઈ જાય છે. તાઉતે વાવાઝોડાના કારણે ખેડૂતોએ ઉતાવળે વાવેતર કર્યું છે અને હવે ચોમાસામાં અનરાધાર

પ્રકોપથી પરેશાન થતા જોવા મળ્યા. આજે ૧૫ જુલાઈના રોજ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદની વકી છે.

સાંબેલાધારે વરસાદની અપેક્ષા રાખતી પ્રજાને છેલ્લા ૨ દિવસથી નિરાશા મળી છે. જેમ જેમ ચોમાસાના દિવસો આગળ વધે છે તેમ ધાર્યો વરસાદ ન વરસતાં વરસાદની ખાદ્યમાં વધારો થઈ રહ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૪.૬૫ લાખ હેક્ટર જમીનમાં ચોમાસુ પાકોનું વાવેતર થયું છે. વરસાદ ખેંચાતાં કેટલાક ખેડૂતોએ ઘરેલું સિંચાઈ યોજનાથી પાણી આપવાની શરૂઆત કરી અને ત્યારબાદ વરસાદ વરસતાં મૂંરઝાતી ખેતીને ક્ષણિક જીવતદાન મળી ગયું. જિલ્લામાં ફરી એકવાર વરસાદ ન વરસે તો કેટલાય ખેડૂતોનું બિયારણ નિષ્ફળ જાય તેવો ભય ઉભો થયો છે. જિલ્લાના અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ ખેંચાતાં ખેડૂતોની ચિંતા વધી છે. જ્યારે ભારે વરસાદની આગાહી છતાં પણ છેલ્લા ૨ દિવસથી જિલ્લામાં ક્યાંય સૂપડાધારે કે ખેતીને જીવતદાન આપે તેવો સાર્વત્રિક વરસાદ વરસ્યો નથી. પ્રજા અને ખેડુતો વરસાદની રાહ જોતા હતા ત્યાં એકાએક આકાશ સ્વચ્છ થઈ ગયું અને આકાશમાં થી વરસાદ વરસવાના બદલે અગનગોળા વરસી રહ્યા છે. બાયડ, ઈડર, મોડાસા, વિજયનગર, ખેડબ્રહ્મા સહિતના વિસ્તારોમાં બપોરે તાપમાનનો પારો ૩૪ ડિગ્રીને આંબી ગયો હતો.

સાબરકાંઠા, અરવલ્લી ટી.પી.ઓ. પાસેથી ઉચ્ચત્તર પગાર ધોરણની વિગત માગતું શિક્ષણ વિભાગ

સાહેબોના વહીવટદાર બની ગયેલા ભ્રષ્ટ પ્રા.શિક્ષકો સામે પગલાં ભરવા અનેક પ્રાથમિક શિક્ષકોની માંગ : બાળકોનું ભણતર બગાડી વર્ષોથી કચેરીમાં ચીટકી રહેલા પ્રાથમિક શિક્ષકોની નામાવલી ગાંધીનગર પહોંચી..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઉચ્ચત્તર પગાર ધોરણના લાભ આપવામાં ખોટું થયાની ગંભીર ફરિયાદ પછી એકમાત્ર ગાંધીનગર સમાચારમાં અહેવાલ પ્રસિદ્ધ થતાં પ્રા.શિક્ષણ જગતમાં સનસનાટી મચી ગઈ. અહેવાલના પગલે સાબરકાંઠા, અરવલ્લીના ૧૪ તાલુકાના ટી.પી.ઓ.પાસેથી ઉચ્ચત્તર પગાર ધોરણની જિલ્લાના પ્રા.શિક્ષણ વિભાગે તાબડતોબ માહિતી માગી છે. જ્યારે ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવામાં તાલુકા વાઈઝ ખુલ્લેઆમ ઉઘરાણું અને સાહેબોના વહીવટદાર બની ગયેલા ભ્રષ્ટ પ્રાથમિક શિક્ષકો સામે પગલાં ભરવા અનેક પ્રાથમિક શિક્ષકોએ અંદરખાને માંગ કરી છે. બાળકોનું ભણતર બગાડી વર્ષોથી કચેરીમાં ચીટકી રહેલા પ્રા.શિક્ષકોની નામાવલી ગાંધીનગર પહોંચી છે. આવનારા દિવસોમાં આવા શિક્ષકોને પુનઃ પોતાની શાળામાં જ કામગીરી કરવાના આદેશ થઈ શકે છે..!!

પ્રા.શિક્ષકને માત્ર પગારની આવક હોય છે અને તેમાં આખા પરિવારનું ગુજરાન ચલાવતા હોય છે. જવલ્લેજ કોઈપણ શિક્ષક ખાનગીમાં ટ્યુશન કરતા હશે. ત્યારે પ્રા.શિક્ષકને ૯, ૨૦ અને ૩૧નું ઉચ્ચત્તર પગારધોરણ મેળવવું હોય તો દરખાસ્ત મોકલ્યા પછી તાલુકા પંચાયતની અતિભ્રષ્ટ બની ગયેલી શિક્ષણ શાખામાં ૨૫ થી ૫૦ વખત ધક્કા ખાવા પડે, ભઈ સાહેબોને નાસ્તો કરાવે અને ત્યાર પછી ૫ થી ૧૦ હજાર રૂા.નું કવર આપે પછી જ દરખાસ્ત મંજૂરી માટે જિલ્લા કક્ષાએ પહોંચાડવામાં આવે છે. પૈસા ન આપનારા અનેક પ્રા.શિક્ષકોની ફાઈલો ગુમ કરવામાં આવી છે કાં તો દબાવી દેવામાં આવી હતી. સાબરકાંઠા, અરવલ્લીમાં આવી વ્યાપક ફરિયાદ પછી રાજયના પ્રા.શિક્ષણ વિભાગે ઉત્તર ગુજરાતના આ બંન્ને જિલ્લા સહિત કુલ-૫ જિલ્લામાં ન્યાયિક તપાસના આદેશ કર્યા છે અને તે માત્ર અહેવાલ ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા પછી તાજેતરમાં નિવૃત્ત થયેલા પ્રા.શિક્ષકોની ફાઈલો પણ તાબડતોબ જિલ્લા કચેરીએ મોકલવામાં આવી છે. ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવામાં કેટલા ટી.પી.ઓ.ની સંડોવણી હતી..?? કેટલું-કેટલું ઉઘરાણું થયું..?? તેની વિગતો મેળવવામાં આવે તો પ્રા.શિક્ષકોને તેમનો હક્કનો લાભ આપવામાં થઈ રહેલા ખુલ્લેઆમ ઉઘરાણાનો પર્દાફાશ થઈ શકે છે.

પ્રાથમિક શિક્ષકો પાસેથી પૈસા ખંખેરનારનું ક્યારેય ભલું થયું નથી..

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના પાછલા ૨૦ વર્ષના ઈતિહાસને ચકાસવામાં આવે તો જી.પી.ફંડ, એલ.ટી.સી., એરીયર્સ બીલ, ઈજાફો વગેરે મંજૂર કરવું હોય તો તાલુકા થી જિલ્લા કક્ષા સુધી નૈવેદ્ય ધરવું પડતું હતું. મજબૂરીવશ પ્રા.શિક્ષકો પૈસા આપીને પણ કામ કરાવતા હતા. પરંતુ ઈતિહાસ ગવાહ છે કે પ્રા.શિક્ષકો પાસેથી પૈસા ખંખેરનારનું ક્યારેય ભલુ થયું નથી. જેઓ ખુલ્લેઆમ શિક્ષકો પાસેથી પૈસા ઉઘરાવતા હતા તેવા અનેક અધિકારી-કર્મચારી અને ફોલ્ડરીયાઓના સંતાનો તેમના કહ્યામાં નથી તેવી જાહેર નોટિસો છાપામાં આપવી પડી હતી, અનેક ગંભીર માંદગીનો શિકાર બન્યા છે, અનેક સાથે વિશ્વાસઘાત થયો અને લાખોની સંપતિ પણ ગુમાવી છે.

સંવેદનશીલ શિક્ષણ મંત્રી ઉઘરાણું કરનારાઓ સામે પગલાં ભરે..

રાજ્ય સરકારની કેબિનેટમાં શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સંવેદનશીલ મંત્રી હોવાની અમીટ છાપ છે. ત્યારે તેમના વિભાગમાં જ પ્રા.શિક્ષકો પાસેથી ખુલ્લેઆમ પૈસા ખંખેરી ઉચ્ચત્તર પગાર ધોરણના લાભ આપવામાં આવી રહ્યા છે. ગરજવાન પ્રા.શિક્ષકો લાભ લેવા માટે મન..ક..મને પણ પૈસા આપીને કામ કરાવ્યું હશે. ત્યારે સંવેદનશીલ શિક્ષણ મંત્રીએ ઉઘરાણું કરનારાઓ સામે કડક પગલાં ભરવાના આદેશ આપવા જોઈએ તેમજ વારંવાર એક જ તાલુકામાં મૂકાતા ટી.પી.ઓ.ને પણ હવે જિલ્લાફેરની હવા ખાવા માટે તક આપવી જોઈએ તેવું લૂંટાયેલા પ્રા.શિક્ષકો જણાવી રહ્યા છે.

પ્રાંતિજ ખાતે સફાઈ મામલે પ્રમુખ અને અપક્ષ કોર્પોરેટર વચ્ચે સોશિયલ મીડીયા ઉપર શાબ્દિક યુદ્ધ

પ્રમુખ કહે છે કે મે કામ કરાવ્યુ તો અપક્ષ કોર્પોરેટર કહે છેકે મે કામ કરાવ્યુ : બન્ને જણાએ સોશિયલ મીડીયા ઉપર ફોટા સાથે લખાણ અપડેટ કર્યુ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તાર મા આવેલ વોર્ડ નંબર-૩ મા સફાઇ ના મુદ્દાને લઈ ને પ્રમુખ અને અપક્ષ



કોર્પોરેટર વચ્ચે સોશિયલ મીડીયા મા શાબ્દિક યુદ્ધ.

પ્રાંતિજ વોર્ડ નંબર-૩ ખાતે જેસીબી દ્વારા સફાઈ ને લઈ ને પાલિકા પ્રમુખ દિપકભાઇ કડીયા તથા નગરપાલિકા અપક્ષ કોર્પોરેટર અને હાલ આપના શહેર પ્રમુખ નિખિલ પટેલ દ્વારા વોર્ડ-૩ મા સફાઈ ને લઈ ને બન્ને જણાએ પોત પોતાના સોશિયલ મીડીયા ઉપર ફોટા અપડેટ કર્યા હતા અને ફોટા અપડેટ કરીને લખાણ લખ્યુ હતુ જે ને લઈ ને બન્ને ના સોશિયલ મીડીયા ઉપર શાબ્દિક યુદ્ધ જોવા મળ્યુ હતુ જેમા પ્રાંતિજ નગરપાલિકા ના પ્રમુખ દિપકભાઈ કડીયા એ સોશિયલ મીડીયા ઉપર ફોટા સાથે લખાણ લખ્યુ જેસીબી મેજ મોકલ્યુ છે છતાંય હલકી પ્રસિદ્ધિ મેળવવા અપક્ષ કોર્પોરેટર નિખિલ પટેલ પોતાનો ખોટો પ્રચાર કરી રહ્યા છે તો અપક્ષ કોર્પોરેટર અને હાલ આપ ના શહેર પ્રમુખ નિખિલ પટેલ દ્વારા પણ સોશિયલ મીડીયા ઉપર નિખિલ ચિનુભાઇ પટેલ આજે વોર્ડ-૩ મા સફાઈ અભિયાન હાથ ધર્યુ આવુ લખાણ લખતા બન્ને વચ્ચે સોશિયલ મીડીયા મા શાબ્દિક યુદ્ધ જોવા મળી હતુ ત્યારે જે હોય તે હાલતો વોર્ડ નંબર-૩ મા સફાઈ થતા આ વિસ્તાર ના રહીશોમા ખુશી જોવા મળી છે.

ભેટાલી નજીક વિફરેલી પત્નિએ પતિ ઉપર પથ્થરમારો કર્યો

કળીયુગમાં અનેક માન્યામાં ન આવે તેવી ઘટનાઓ બની રહી છે. ઈડર તાલુકાના કપોડા-ભેટાલી રોડ ઉપર વિફરેલી પત્નિએ બાઈક ઉપર જતા પતિ ઉપર છૂટા પથ્થરો મારી ઈજા પહોંચાડતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. જવાબદાર પોલીસે હુમલો કરનાર મનિષાબેન રમેશભાઈ પટેલ (રહે.ભેટાલી) વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ઈડર તાલુકાના તેજપુરાના અને હિંમતનગર સરકારી મેડીકલ કોલેજમાં સ્ટાફ બ્રધર તરીકે ફરજ બજાવતા મિતેષ કાન્તિલાલ પટેલ અને તેમનાં પત્નિ વચ્ચે મનમેળ નથી અને ૨ વર્ષથી છૂટાછેડા માટે કોર્ટ કેસ ચાલી રહ્યો છે.

રીપીટર બોર્ડ પરીક્ષા : સાબરકાંઠા જિલ્લાના ૨૨ પરીક્ષા કેન્દ્રો ઉપર આજથી પરીક્ષા

ધો.૧૦-૧૨ ના ૧૭,૦૦૦ વિદ્યાર્થી પરીક્ષા આપશે, ધો.૧૦નાં ૫ પરીક્ષા કેન્દ્રો સંવેદનશીલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

ધો.૧૦-૧૨ ના રેગ્યુલર છાત્રોને માસ પ્રમોશન પછી રીપીટર વિદ્યાર્થીઓ માટે બોર્ડ પરીક્ષાનું આયોજન કરાતાં મામલો કોર્ટમાં ગયો હતો પરંતુ હાઈકોર્ટે પીટીશન કાઢી નાખતાં અગાઉથી નિર્ધારીત કાર્યક્રમ મુજબ આજે તા.૧૫ જુલાઈથી ધો.૧૦-૧૨ રીપીટર, ખાનગી છાત્રોની બોર્ડ પરીક્ષા યોજાશે. સાબરકાંઠા જિલ્લામાં ધો.૧૨ ના ૨ અને ધો.૧૦ ના ૨૦ પરીક્ષા કેન્દ્રોમાં ૧૬,૯૬૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ધો.૧૦ ના ૫ પરીક્ષા કેન્દ્રો સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. સી.સી.ટીવી કેમેરાથી સજ્જ હોય તેવા બિલ્ડીંગોમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ગુરૂવારથી ધો.૧૦ અને ૧૨ રીપીટર વિદ્યાર્થીઓની બોર્ડ પરીક્ષા શરૂ થઈ રહી છે. સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ વ્યાસની નિગરાની હેઠળ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ધો.૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા કુલ-૨૨ પરીક્ષા કેન્દ્રો ઉપર યોજાવવાની છે. તમામ પરીક્ષા કેન્દ્રો સી.સી.ટીવી કેમેરાથી સજ્જ હોવાની સાથે ત્યાંથી ભૌતિક સુવિધાઓ પણ ચકાસી લેવામાં આવી છે. જિલ્લામાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના કેન્દ્રો માટે ૧૫ બિલ્ડીંગ અને ૧૪૦ બ્લોક તૈનાત કરાયા છે. વિજ્ઞાન પ્રવાહમાં ૬૮૮ અને સામાન્ય પ્રવાહમાં ૩૨૨૦ મળી કુલ-૩૯૦૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે ધો.૧૦ બોર્ડ પરીક્ષા માટે હિંમતનગર અને ઈડર ઝોનમાં કુલ-૨૦ કેન્દ્રો નક્કી કરાયા છે અને તે માટે ૫૫ બિલ્ડીંગ અને ૫૪૬ બ્લોક તૈનાત કરાયા છે. ધો.૧૦માં ૧૩,૦૫૨ વિદ્યાર્થી બોર્ડ પરીક્ષા આપશે. હિંમતનગર ઝોનમાં ૬૪૪૩ અને ઈડર ઝોનમાં ૬૬૦૯ વિદ્યાર્થી નોંધાયા છે.

નવલપુર પાટિયા નજીક ટ્રેક્ટર - બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો

ટ્રેક્ટરચાલકે બાઈકને અડફેટે લેતા પત્નીનું મોત, પતિ ગંભીર રીતે ઇજાગ્રસ્ત, જ્યારે બે વર્ષીય બાળકનો અદભુત બચાવ

હિંમતનગર તાલુકાના નવલપુર પાટિયા નજીક ગતરોજ સોમવારે સવારે ટ્રેક્ટર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક પાછળ બેઠેલા એક મહિલાનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજયું હતું જ્યારે બાઈક ચાલક ઉપર ટ્રેક્ટર નુ ટાયર ફરી વળતાં શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા વધુ સારવારથી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યારે ગમખ્વાર અકસ્માતમાં બે વર્ષના બાળકનો અદ્ભુત બચાવ થયો હતો અને અકસ્માત સર્જનાર નંબર વગરના ટ્રેકટર ચાલક ટ્રેક્ટર ઘટનાસ્થળે મૂકીને ફરાર થઈ જતા હિંમતનગર ગામે પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હિંમતનગર - વિજાપુર હાઈવે રોડ ઉપર નવલપુર પાટિયા નજીક ગતરોજ ૧૨ જુલાઈ ૨૦૨૧ ના રોજ આશરે દસેક વાગ્યાના સુમારે ટ્રેક્ટર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં હિંમતનગરના હાપા ગામનું દંપતિ પોતાના વતનમાં સામાજિક પ્રસંગ પતાવીને મહેસાણા તરફ બાઈક પર જઈ રહ્યું હતું ત્યારે નવલપુર પાટિયા નજીક હિંમતનગર તરફથી

આવી રહેલ એક નંબર વગરના ટ્રેકટર ચાલકે બાઈકને ટક્કર મારતા ભૂમિકા બેન પંડ્યા જમીન પર પટકાતા ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજયું હતું જ્યારે બાઈક ચાલક વિપુલભાઈ પંડ્યા ઉપર ટ્રેક્ટરનુ ટાયર ફરી વળતાં શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર થી દાખલ કરવામાં આવ્યા હતા ત્યારબાદ પરિસ્થિતિ અત્યંત નાજુક જણાતા હિંમતનગરની આવિષ્કાર હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે થી દાખલ કરવામાં આવ્યા છે જ્યારે બીજી બાજુ ટ્રક અને બાઈક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બે વર્ષના બાળકનો અદભુત બચાવ થવા પામ્યો છે.

ટ્રેક્ટર અને બાઈક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતને પગલે માર્ગ ઉપરથી પસાર થતા વાહન ચાલકો સહિત આજુબાજુમાંથી મોટી સંખ્યામાં લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને ટ્રેક્ટર નીચે દબાઈ ગયેલા બાઈક ચાલકને બચાવવા માટેની કામગીરીમાં જોડાયા હતાબાઈક અને ટ્રેક્ટર વચ્ચે થયેલા ગમખ્વાર અકસ્માત અંગે પોલીસને જાણ થતાં ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતકની લાશનો કબજો લઈ પીએમ અર્થે મોકલી આપવામાં આવી હતી તેમ જ ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાઈકચાલકને હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો તેમજ અકસ્માત સર્જનાર નંબર વગરના ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી કેટલા વાગે છે.

તલોદના વલીયમપુરમાં વીજળીનું બાકી બીલ ઉઘરાવવા ગયેલા કર્મચારી ઉપર હુમલો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

તલોદના વલીયમપુરમાં વીજળીનું બાકી બીલ ઉઘરાવવા ગયેલા વિજ કર્મચારીઓ ઉપર તરૂણ રમણલાલ પટેલે હુમલો કરી શર્ટનાં બટન તોડી નાખવાની સાથે રસીદબુક ફાડી નાખતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. નાયબ ઈજનેર અજીતસિંહ એન. બિહાલોની ફરિયાદના આધારે તલોદ પોલીસે આરોપી વિરૂદ્ધ હુમલો, મારી નાખવાની ધમકી તેમજ યુ.જી.વી.સી.એલ. કર્મચારી ઓફ પબ્લિક પ્રોપર્ટી એક્ટ-૩ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. તલોદ પોલીસના જણાવ્યા અનુસાર યુ.જી.વી.સી.એલ. તલોદ વિભાગ-૧ ના ટેકનિકલ કર્મચારી સંજય મણીલાલ કડીયા તથા અન્યો રસીદ બુક સાથે વિજ બીલના નાણા રીકવરીના કાર્યક્રમ માટે તા.૧ ૩ના રોજ વલીયમપુર ગામે ગયા હતા

આખરે પરીક્ષાની તારીખ જાહેર : ઉત્તર ગુજરાતમાં ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના છાત્રોની નીટ પરીક્ષા ૧૨ સપ્ટેમ્બરથી

ઓગષ્ટમાં યોજાનારી પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કરાયો, કોરોનાના કારણે પરીક્ષા કેન્દ્રો અને સ્થળની સંખ્યા વધારી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

મેડીકલમાં પ્રવેશ માટેની મહત્વની નીટ પરીક્ષાની તારીખ જાહેર થતાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ બી-ગ્રૂપમાં ઉત્તિર્ણ થયેલા રેગ્યુલર છાત્રોમાં ખુશાલી છવાઈ છે. તા.૧૨ સપ્ટેમ્બરથી કોરોના ગાઈડલાઈન પ્રમાણે પરીક્ષા કેન્દ્રો અને સ્થળની સંખ્યા વધારી દેવામાં આવી છે. ઉત્તર ગુજરાતમાં ૧૫,૦૦૦થી વધુ છાત્રો નીટની પરીક્ષા આપશે. અગાઉ ઑગષ્ટમાં નીટની પરીક્ષા યોજાવવાની હતી પરંતુ હવે તેમાં ફેરફાર કરી સપ્ટેમ્બર મહિનામાં પરીક્ષા યોજવાનું નક્કી કરાયું છે.

દર વર્ષે નીટની પરીક્ષા મુદ્દે અવઢવ થતી હોય છે. કોરોનાના કારણે સૌથી વધુ અસર શિક્ષણતંત્રને થઈ છે. વિભાગને ગમતું ન હોવા છતાં ધો.૧ થી ૧૨ માં માસ પ્રમોશન આપવું પડ્યું તેની દુરોગામી અસરો અનેક પડકારો ઉભા કરી શકે છે તેનું પણ ધ્યાન રખાયું છે. જ્યારે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ વિધિવત રીતે ટૂંકમાં જાહેર થશે પરંતુ નીટની પરીક્ષા ક્યારે યોજાશે..?? છેલ્લા એક વર્ષથી તૈયારી કરી રહેલા છાત્રો અને વાલીઓ આ મુદ્દે ચિંતામાં હતા પરંતુ હવે નીટની પરીક્ષા તા.૧૨ સપ્ટેમ્બરે યોજવાની વિધિવત રીતે જાહેરાત કરવામાં આવી છે. અગાઉ ૧ ઑગષ્ટે પરીક્ષા યોજાવવાની હતી પરંતુ તેમાં ફેરફાર કરાયો છે. મંગળવારથી નીટની પરીક્ષા માટે એન.ટી.એ.ની વેબસાઈટ ઉપર કામગીરી શરૂ થશે. વિભાગ દ્વારા જણાવ્યું છે કે કોરોનાના કારણે પરીક્ષા કેન્દ્રો અને સ્થળમાં વધારો કરાયો છે. નીટની પરીક્ષા આપનારા તમામ છાત્રોને પરીક્ષા કેન્દ્રોમાં માસ્ક આપવામાં આવશે. પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા અને બહાર જવાનો પણ ટાઈમ સ્લોટ નક્કી કરવામાં આવ્યો છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના છાત્રો નીટની પરીક્ષાની તારીખ જાહેર થતાં ખુશાલી વ્યક્ત કરી છે.

CHANGE NAME

I have Changed My Name From PRAMODCHANDRA SHANKARLAL PUROHIT to PRAMODKUMAR SHANKARLAL PUROHIT

Add.: AT. PO. BAYAD, TA. BAYAD, DIST. ARAVALLI, GUJARAT - 383325

ઓહમ ત્ર્યંબકમ યજામહે સુગંધિમ પુષ્ટિવર્ધનમ્ ।
ઉર્વારૂકમિવ બંધનાન્મૃત્યો મૂક્ષિય મામૃતાત ॥

સ્મરણાંજલિ

તમસો મા જ્યોતિર્ગમય્

દિલમાં સદા દરિયાદિલી, હૈયે અનહદ હેત... પગલે...પગલે પરોપકારી, જીવન જીવ્યા શ્વેત, એ જ જેમનો જીવન મંત્ર હતો એ દિવ્ય આત્માને અમારા ૧૬મી પુણ્યતિથિએ અમારા કોટિ કોટિ વંદન.

સદગત્ વિરમભાઈ માવાભાઈ પટેલ
(નિવૃત્ત શિક્ષક
શ્રી એન. એચ. શાહ હાઈસ્કુલ-બાયડ)
સ્વ. તા. ૧૫-૦૭-૨૦૦૫
બાયડ, જિ. અરવલ્લી

ગં.સ્વ. કલ્પનાબહેન વિરમભાઈ પટેલ
સમીરકુમાર વિરમભાઈ પટેલ (પુત્ર)
(પૂર્વ કોર્પોરેટર-નગરપાલિક, બાયડ)
અ.સૌ. શિલ્પાબેન સમીરકુમાર પટેલ
અ.સૌ. હેતલબેન અશ્વિનકુમાર પટેલ (પુત્રી)
અશ્વિનકુમાર રમણભાઈ પટેલ
રાજવી (ભદ્રા), માનવ, નેહાંગ, જન્મેય

ફર્મ : શ્રી બાલાજી ફાઈનાન્સીયલ સર્વિસીસ-બાયડ
સબ બ્રોકર : ICICI, kotak સિક્યોરીટીસ-બાયડ, બાયડ, જિ. અરવલ્લી

શ્રદ્ધાંજલિ

આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપ સદેહે અમારી વચ્ચે નથી, આત્માથી સમીપ છો, આપનો ઉદાર, પ્રેમાળ, મિલનસાર સ્વભાવ મીઠી સુવાસ બની રહેશે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ. સુનિતાબેન ઉમેશકુમાર શાહ
(કોટીયર્ક વાસણ ભંડાર)
સ્વ. તા. ૬-૭-૨૦૨૧, મંગળવાર
બાયડ (રડોદરાવાળા)

લિ..

જયાબેન વલ્લવભાઈ પટેલ (સરપંચ : રડોદરા ગ્રામ પંચાયત)
વિનુભાઈ મગનભાઈ પટેલ (પ્રમુખ : પી. કે. શાહ વિદ્યાલય, રડોદરા)
રવિકુમાર વલ્લવભાઈ પટેલ (સદસ્ય : અરવલ્લી જિલ્લા પંચાયત)
મણીભાઈ ડુંગરભાઈ પટેલ (ચેરમેન : રડોદરા શરાફી મંડળી લી.)
શિલ્પાબેન કમલેશભાઈ પટેલ (સદસ્ય : તાલુકા પંચાયત, બાયડ)
જગદીશભાઈ ભલુભાઈ પટેલ (ચેરમેન : રડોદરા દૂધ મંડળી લી.)

તમામ સંસ્થાઓના કારોબારી સભ્યશ્રીઓ તથા રડોદરાના ગ્રામજનો
રડોદરા, તા.બાયડ, જિ. અરવલ્લી

લિ..